# પાલનપુરની ધનલક્ષ્મી બેંકમાં આગ લાગતા દોડધામ

## બેંકમાં લાગેલી આગ પર દોઢેક કલાક બાદ કાબુ : કેશ-લોકર્સનો બચાવ : રાચરચીલું ખાખ : પોલીસે ટોળાંને વિખેરવા કર્યો હળવો બળપ્રયોગ : શોટસર્કીટને પગલે આગ લાગી હોવાનું અનુમાન

પાલનપુર, તા. ૧૩

પાલનપુર શહેરના પ્રવેશદ્વાર સમા માર્ગ પર એસ.ટી. કોલેની સામે તિરૂપતિ પ્લાઝામાં આવેલી ધનલક્ષ્મી બેંકમાં અચાનક આગ ભડકી ઉઠવા અફરાતરફરી મચી ગઈ હતી. શોર્ટસર્કીટને કારણે લાગેલી આગને પગલે બેંકના ફર્નીચરને ભારે નુકસાન થયું હતું. જો કે, દોઢેક કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવાયો હતો.

પાલનપુરની એસ.ટી. કોલેની રોડ પર તિરૂપતિ પ્લાઝામાં પહેલા માળે આવેલી ધનલક્ષ્મી બેંકમાં આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી. આજે રાબેતા મુજબ બેંકનો સ્ટાફ સવારે આવી ગયો હતો. બાદમાં બેંકમાં લાઈટ ન હોવાથી વીજ કંપનીને જાણ કરાઈ હતી. જો કે, વીજ કંપનીના વાયરમેન દ્વારા બેંકના આંતરીક વીજ જોડાણમાં ફોલ્ટ હોવાની જાણ કરાઈ હતી. જેથી બેંકના સત્તાવાળાઓ દ્વારા બેંકના આંતરીક વીજ ફોલ્ટના સમારકામ ટાણે થયેલા શોર્ટસર્કીટને કારણે આગ ભભુકી ઉઠી હતી. જેને પગલે બેંકનું ફર્નિચર આગમાં સ્વાહા થઈ ગયું હતું. જો કે, બેંકની કેસ અને લોકસ બચાવવામાં બેંકના સત્તાવાળાઓ સફળ રહ્યા હોવાનું બેંકના મેનેજરે જણાવ્યું હતું. આગના સમાચાર મળતા પાલીકાના ચાર ફાયર ફાઈટરોએ ઘટનાસ્થળે દોડી આવી આગ પર કાબુ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા.

આગને પગલે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. જેને પગલે ટોળાંને વિખેરવા પોલીસને હળવો બળ પ્રયોગ કરવાની ફરજ પડી હતી. જો કે, દોઢેક કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવાયો હતો. જેના કારણે બેંકના સત્તાવાળાઓ, પોલીસ, પ્રશાસન અને સ્થાનિક વેપારીઓએ હાશકારો અનુભવ્યો હતો.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



## દાંતીવાડા તાલુકામાં દિશા સૂચક બોર્ડ બાવળોમાં ગરકાવ

દાંતીવાડા તાલુકામાં મુખ્ય માર્ગોની આસપાસ ગાંડા બાવળ એટલા બધા વધી ગયા છે કે રસ્તો દર્શાવતા દિશા સૂચક બોર્ડ પણ આ બાવળની વનરાજીમાં ગરકાવ થઈ ગયાં છે. જેના કારણે અજાણ્યા વાહન ચાલકોને ભારે મુશ્કેલી પડી રહી છે. (તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

# પ્રાંતિજમાં બુટલેગરો બેફામ દારૂ-જુગારના અડ્ડા ફુલ્યા-ફાલ્યા

પ્રાંતિજ, તા. ૧૩

પ્રાંતિજ સહિત તાલુકાના કેટલાક વિસ્તારોમાં ખુલ્લેઆમ છેલ્લા ઘણા વર્ષોથી દારૂ-જુગારના અડ્ડાઓ ધમધમી રહ્યા છે. આમ પ્રાંતિજ શહેરમાં ચાલતા દારૂ-જુગારના ચાલતા ગોરખધંધા બાબતે સ્થાનિક પોલીસને જાણ હોવા છતાં હપ્તાના નશામાં ચકચૂર બનેલ પોલીસ નરી આંખે સમગ્ર તમાશો જોઈ રહી છે. ત્યારે યુવાન ધન બરબાદીના માર્ગ તરફ ધકેલાઈ રહ્યું છે.

પ્રાંતિજ શહેરનાં ખુલ્લેઆમ ધમધમી રહેલા દારૂ અને જુગારના અડ્ડાએ માઝા મુકી છે. સ્થાનિક પોલીસતંત્ર આ બદીને નાથવામાં સદંતર નિષ્ફળ રહ્યુંછે. બરબાદીના માર્ગ તરફ ધકેલાતા યુવાધનને અટકાવવા સમાજના અગ્રણીઓ આગળ આવી સ્વયંભુ આંદોલન ઉપાડે તે આવશ્યક બન્યું છે.

પ્રાંતિજ શહેર સહિત તાલુકામાં બુટલેગરો સક્રિય થતા પ્રાંતિજ પંથકમાં અસામાજિક પ્રવૃત્તિઓએ ફરી બે રોકટોક જોર પકડ્યું છે. પ્રાંતિજમાં જુદા જુદા વિસ્તારો જેવા કે પી.એન્ડ.હાઈસ્કૂલ પાસો ભાખરીયા બસ સ્ટેશન પાસે, સર્વોદય સ્કૂલની પાસે, રેલવે સ્ટેશન પાસે, પોલીસ સ્ટેશન સામે, પેટ્રોલ પંપ પાસે, તાજપુર કુઈ, પીલુન્દ્રા પાટીયા, વડવાસા પાટીયા. સલાલ ચોકડી વગેરે સ્થળોએ ખુલ્લેઆમ દારૂ પાણીની જેન પીરસાઈ રહ્યો છે. જ્યારે યુવાવર્ગ આ બદીઓ તરફ ધકેલાઈ રહ્યુંછે. નિષ્ફળ નિવડેલ પોલીસતંત્ર આ બેફામ અને બિન્દાસ બનેલા બુટલેગરો સામે સત્વરે કાર્યવાહી કરી બરબાદ થતા યુવાધનને અટકાવવા જરૂરી કાર્યવાહી કરે તેવી માંગ ઉઠવા પામી છે.


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજના પૌરાણિક મેલડીમાતા ધામમાં આજે દ્વિતીય પાટોત્સવ સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાયા હતા. આ ધાર્મિક કાર્યમાં પંકજભાઈ રાવલ, શહેરના અગ્રણી સાથે મોટી સંખ્યામાં માતાના ભક્તો જોડાયા હતા.

# ડીસામાં ફેસબુક હેકર્સ વિરુદ્ધ ફરિયાદ

ડીસા, તા. ૧૩

મોટા ભાગના લોકો લેપટોપ, ટેબલેટ કે સ્માર્ટફોનને અન્યોના દેખતા અસુરક્ષિત રીતે કનેક્ટ કરે છે. આમ કરવું કયારેક જોખમી પુરવાર થઈ શકે છે. હેકર્સ એની મદદથી તમારા વેબસાઈટ લોગઈનથી વિગતો મેળવી શકે છે. યૂઝર અનસેફ કનેક્ટ રહે ત્યારે જ આ શકય બને છે. ઉપરાંત હેકર્સ સ્માર્ટફોન કે ટેબલેટમાંથી પર્સનલ ઈન્ફોર્મેશનની ચોરી પણ કરી શકે છે. એક કિસ્સો ડીસા માં નોધાવા પામ્યો છે જેમાં જાણીતા મીડિયાકર્મીનું ફેસબુક એકાઉન્ટ અજાણ્યા હેકર્સે ઉપયોગ કરી તેના તમામ ડેટા મેળવી, બાદમાં તે ડેટા ઉડાવી દઈ ગુન્યો આચરતા ડીસા દક્ષિણ પોલીસ માં ફરિયાદ નોધાઈ છે.

બનાસકાંઠાનાં ડીસામાં રહેતા વયોવૃદ્ધ મીડિયાકર્મી અને ઓલ ઈન્ડીયા વર્કિંગ જર્નાલીસ્ત યુનિયન ગુજરાત એકમના -મુખ વિજયભાઈ બારોટ દ્વારા આજે ડીસા દક્ષિણ પોલીસમાં એક આઈ.ટી. એકટ તળેની ફરિયાદ અપાઈ છે, જેમાં તેમને જાહેર કરેલ છે કે તેઓ દેશ વિદેશમાં રહેતા તેમના મીડિયાકર્મી, સ્નેહી, સબંધી અને પરિવારજનો સાથે સોસીયલ મીડિયા એવા ફેસબુકથી સંકળાયેલા હતા. આ તમામ ફ્રેન્ડસનાં ખાનગી ડેટા ફેસબુકમાં સચવાયેલા હતા. એકાદ માસ ના સમયગાળા દરમ્યાન કોઈ અજાણ્યા ઈસમે ગુનો કરવાના ઈરાદે તેમના ફેસબુક આઈ.ડી. ને હેક કરી, અનાધિકૃત રીતે ઉપયોગ કરી, ડેટા ચોરી કરી, તે બાદ ઉડાડી દઈ ગંભીર ગુનો કર્યો છે. પોલીસ સમક્ષની એક લેખિત ફરિયાદમાં તેમને જાહેર કર્યું છે કે, હું અને મારા સાથે સંકળાયેલા મારા તમામ સબંધી ,મિત્રો, આ ડેટા ચોરી થતા અસલામત છે, અને છેતરપીડી, કે ત્રાસવાદી -વૃત્તિ કે અન્ય ગુનાનાં કામે આ ચોરાયેલા ડેટા નો અજાણ્યો હેકર્સ ઉપયોગ કરી શકે છે જેથી તાત્કાલિક તપાસ કરવી તેવું જણાવતા ડીસા દક્ષિણ પોલીસ દોડતી થઈ છે અને આ મામલે પી.આઈ. કપિલ નકુમ દ્વારા તપાસ હાથ ધરાઈ છે. આ બાબતે ફરિયાદી એવા પીડીતે પોતાની વ્યથા રજુ કરી હતી.

ડીસામાં રહેતા વયોવૃદ્ધ મીડિયાકર્મી અને ઓલ ઈન્ડીયા વર્કિંગ જર્નાલીસ્ત યુનિયન ગુજરાત એકમના -મુખ વિજયભાઈ બારોટ દ્વારા આજે ડીસા દક્ષિણ પોલીસમાં એક આઈ.ટી. એકટ તળે ની ફરિયાદ અપાઈ છે.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# વિશ્વ શાંતિ માટે શાકાહાર અપનાવો : પૂ. મહેશ્વરાનંદજી

ડીસા, તા. ૧૩

સમગ્ર વિશ્વ માં જેમના ૩૫૦૦ થી વધુ આશ્રમો છે, અને જેમનો મુખ્ય ઉદ્દેશ ભારતીય સંસ્કૃતિને ધબકતી રાખી માનવ કલ્યાણની ભારતીય ધર્મ અને સંસ્કૃતિનો -ચાર -સાર કરનાર વિશ્વગુરુ મહામંડળેશ્વર પરમહંસ ૧૦૦૮ શ્રી મહેશ્વરાનંદજી મહારાજ સોમવારે ડીસા પધારતા ધર્મ-મી ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી ધર્મગુરુ છે, સ્વામીશ્રી મહેશ્વરાનંદજી સમગ્ર વિશ્વભરમાં ૪૪ વખત ભ્રમણ કરી ૩૫૦૦થી વધુ આશ્રમો સ્થાપી ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મ નો -ચાર- -સાર કરી લોકોને ધ્યાન-યોગ


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

જયોત જલાવવાના ભગીરથ કાર્ય ને દેશ અને દુનિયા પણ આગળ ધપાવે તેવો છે તેવા હિંદુ ધર્મ -ચારક સ્વામી મહેશ્વરાનંદજી આજે ડીસાનાં મહેમાન બન્યા હતા.

વિશ્વભરમાં શાકાહારી બનોની આલબેલ પોકારનાર અને પોતાના ૩૫૦૦ જેટલા આશ્રમો થકી વિશ્વભરમાં યોગ-ધ્યાન અને શાકાહારી બનવાની -રણા આપી કરોડો લોકો ને શાકાહારી બનાવી પડ્યા હતા અને સંત શિરોમણીની અમૃત વાણીનો લાભ લીધો હતો.

શ્રી ઓમ વિશ્વદીપ ગુરુકુળ જાડન જીલ્લો-પાલી અને યુરોપીયન દેશ ઓસ્ત્રીયાની રાજધાની વિયેના ખાતેની વિયેના યુનીવર્સીટી તેમજ શ્રી દીપ ઈન્ટરનેશનલ આશ્રમ વિયેનાનાં -ણેતા વિશ્વગુરુ મ.મ. પરમહંસ ૧૦૦૮ સ્વામીશ્રી મહેશ્વરાનંદજી વિશ્વભરમાં શાકાહારી બનો તેવી અપીલ સાથે ધર્મની અખંડ ધૂણી -ગટાવનાર આધ્યાત્મિક અને શાકાહારી બનવાની -રણા અને માર્ગદર્શન આપી રહ્યા છે, પૂજયશ્રીએ જણાવેલ કે શાકાહાર જ વિશ્વ માં શાંતિ સ્થાપિત કરી શકે છે અત્યારનાં યુગમાં લોકો બાળકો ને રમવાની ઉમરે આયાઓનાં હાથમાં અને ભણવાની ઉમરે પણ નર્સરી માં મૂકી દે છે, જેથી જ બાળકો માતા-પિતાનાં સાચા સંસ્કારથી વંચિત રહી જાય છે તેથી આવા બાળકો યોગ્ય સમયે યોગ્ય સંસ્કારથી વંચિત રહી જાય છે.

# અરવલ્લીના ઊંટવૈદ્ય ડૉક્ટરોને દવાઓ સપ્લાય કરતી મોડાસાની એજન્સી સામે તપાસની માંગ

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મોટી મોયડી ગામમાં ૧૯૯૭ થી ડીગ્રી વગરનું દવાખાનુ ચલાવનાર ઊંટવૈદ્ય અંગેની બાતમી બ્લોક હેલ્થ ઓફિસરને કરવામાં આવતાં કોઈ જ તાત્કાલિક પગલા લેવામાં ન આવતાં અને આ કહેવાતો બોગસ ડોક્ટરને બાતમી મળી જતા દવાઓ અને માલ-સામાન લઈને ગામમાંથી ફરાર થઈ ગયો હતો. પરંતુ આવા ડીગ્રી વગરના ઊંટવૈદ્યને દવાઓના જથ્થાનો સપ્લાય કરતા મોડાસાની એક એજન્સી સામે પણ તપાસ થવી જોઈએ તેવું મેઘરજની જનતા ઈચ્છી રહી છે.

મોટી મોયડી ગામે છેલ્લા ૧૭ વર્ષથી ગેરકાયદેસર રીતે તબીબી પ્રેક્ટીસ કરતા અને કેટલાય લોકોની જીંદગી બરબાદ કરી નાખનાર આ ઊંટવૈદ્યને ત્યાંથી લાખો રૂપિયાની દવાઓનો જથ્થો જોવા મળતો હતો. તેમજ રોજના ૨૦૦ થી વધુ દર્દીઓને તપાસ કરી ગેરકાયદેસર એલોપેથી સારવાર કરી દર્દીઓમાં બોટલો ચઢાવાવવામાં આવતી હતી. તો આ ઊંટવૈદ્યને ગેરકાયદેસર રીતે અને કાયદાની વિરૂદ્ધ પોતાની પેઢીના અંગત લાભ કરવાના હેતુથી એજન્સીના માલિક જાણતા હોવા છતાં આવા બોગસ તબીબને દવાઓ સપ્લાય કરવામાં આવી હતી. તો આવી બિનઅધિકૃત રીતે દવાઓનો સપ્લાય કરતી એજન્સી સામે સાબરકાંઠા ઔષધ નિયમનતંત્ર તાત્કાલિક પગલાં ભરે તેવી લોકોની માંગ છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

# સાબરકાંઠા જિલ્લામાં ઈન્ટરનેશનલ ડે ફોર ડીઝાસ્ટર રિડકશનની ઉજવણી કરાઈ

હિંમતનગર, તા. ૧૩

દર વર્ષે સમગ્ર વિશ્વમાં ૧૩ ઓક્ટોબરનો દિવસ ડીઝાસ્ટર રિડક્શન તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે યુએન દ્વારા ડીઝાસ્ટર રિડક્શનની થીમ ઓલ્ડર પર્સન અને ડીઝાસ્ટર નક્કી કરવામાં આવી હતી. નિવાસી અધિક કલેક્ટર એસ.ડી. ધાનાણીના માર્ગદર્શન હેઠળ સાબરકાંઠા જિલ્લાની તમામ નગરપાલિકાઓ દ્વારા શહેરી વિસ્તારમાં તથા તાલુકાની એક શાળાઓમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. હિંમતનગરની હિંમત હાઈસ્કૂલ ખાતે સીનીયર સીટીઝન અસોસિએશનના પ્રમુખ પિયુષ દવેના અધ્યસ્થસ્થાને નગરપાલિકા ફાયરટીમ દ્વારા નિદર્શન, લાઈવ ડેમો તથા પોસ્ટર સ્પર્ધાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડીપીઓ ડીઝાસ્ટર કે.બી. પટેલે ઉપસ્થિત રહી કોઈ પણ પ્રકારની આપત્તિમાં વયસ્ક લોકો પ્રત્યે સંવેદના રાખી કરવાની કામગીરીની કાર્યપદ્ધતિ જણાવી હતી. ઉપસ્થિત સીનીયર સીટીઝનો દ્વારા તેમના કચ્છના કામગીરીના અનુભવો વર્ણવ્યા હતા.

## ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ અને બનાસ બેંક દ્વારા

# નિ:શુલ્ક સર્વરોગ નિદાન-સારવાર કેમ્પનું આયોજન

પાલનપુર, તા. ૧૩

ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ અને બનાસબેંકના સૌજન્યથી નિ:શુલ્ક સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન નવા માર્કેટયાર્ડ ભાભર ખાતે તા. ૧૯-૧૦-૨૦૧૪ ને રવિવારના રોજ સવારના ૯.૩૦ કલાકથી થશે. સિવિલ હોસ્પિટલ અમદાવાદના અધિક્ષક ડૉ. એમ.એમ. પ્રભાકરના માર્ગદર્શન હેઠળ વિવિધ વિભાગના નિષ્ણાંત ડૉક્ટર હાડકાના (ઓર્થોપેડીક), ચામડીના (સ્કીન), કીડની, જનરલ સર્જન, સ્ત્રી રોગ, કેન્સર, મેડીકલ, પ્લાસ્ટીક સર્જન, ફેફસા, ટી.બી., હૃદયરોગ, કાન, નાક, ગળા, આંખના રોગ, દાંતના રોગ, બાળકોને લગતા (પેડીયાટ્રીક) વિગેરે સેવા આપશે.

આ સારવાર કેમ્પમાં કાર્ડીયોગ્રામ, સોનોગ્રાફી, ડાયાબિટીસ, ચેકઅપ જેવી આધુનિક સુવિધાઓ તથા જરૂરીયાત મુજબની દવાઓ વિનામુલ્યે ઉપલબ્ધ કરવામાં આવશે. તદ્ ઉપરાંત કૃત્રિમ હાથ-પગ, જન્મ જાત વાંકા-ચુંકા પગ અને કપાયેલા હોઠ, તાળવાના દર્દીઓને પણ સારવાર આપવામાં આવશે. ૧૮ વર્ષથી નીચેની ઉંમરના પગે અપંગ બાળકોને ૫૦૦૦૦ ની કિંમતનો ઈન્પોટેડ લીમ્બ (કૃત્રિમ પગ) મફત ઉપલબ્ધ કરવામાં આવશે. માનવીની મહામુલી જિંદગીને બચાવવાના શુભ આશયથી આ પ્રસંગે રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તો વધુમાં વધુ રક્તદાતાઓને તેમાં સામેલ થવાનો અનુરોધ કરવામાં આવેલ છે.

કેમ્પનો લાભ લેવા ઈચ્છુક દર્દીઓના નામ ગામની સેવા સહકારી મંડળીના મંત્રી પાસે નોંધાવી લેવા અને તા. ૧૯-૧૦-૨૦૧૪ સમય સવારે ૯ કલાકેથી નવિન માર્કેટયાર્ડ ભાભર ખાતે પહોંચી જવું. બનાસબેંક ખાતે પણ તા. ૧૬-૧૦-૨૦૧૪ના રોજ બપોરના ૩ કલાક સુધી નોંધણી કરાવવા માટે હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો નંબર - ૦૨૭૪૨-૨૫૨૧૩૩ છે. જાહેર જનતાને બનાસબેંક દ્વારા સદર કેમ્પનો બહોળા પ્રમાણમાં લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮ ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦ મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦